[illegible]...

આના લેખક છે ડો. રઈશ મણીયાર

શુક્રવાર, 02 એપ્રિલ 2010 05:15

કેટલીક વાર એવું સાંભળવા મળે છે કે અગિયાર મહિનાનું બાળક ભીંત સાથે માથું અફાળી ગુસ્સો પ્રગટ કરે છે. જમીન પર માથું અફાળી ગુસ્સો પ્રગટ કરે છે જમીન પર આળોટી ગુસ્સો પ્રગટ કરે છે ઘરની ચીજવસ્તુ ફેંકી દઇને ગુસ્સો પ્રગટ કરે છે.

અગિયાર મહિનાનું બાળક એક વાર નહીં પરંતુ વારંવાર ભીંત સાથે માથું અફાળે એ જરા વધારે પડતું કહેવાય.

આવું કરવાનું બાળક કેવી રીતે શીખે છે? બાળક કોઇ પણ વર્તન શીખે એનાં બે પાસાં વિચારી શકાય એવું વર્તન કરવાની પદ્ધતિ બાળક ક્યાંથી શીખ્યું? અને એવું વર્તન કરવાની બાળકને જરૂર શા માટે પડી?

ભીંત સાથે માથું પછાડવું એ ગુસ્સાનું પ્રકટીકરણ છે. ગુસ્સાની આવી અભિવ્યક્તિ બાળક જન્મજાત શીખીને તો ન આવ્યું હોય એટલે આ વર્તન બાળકે ક્યાંકથી જોયેલા વર્તનની નકલ જ હોઇ શકે. શક્ય છે કે બાળકે મમ્મીને ક્યારેક ગુસ્સામાં માથું પછાડતી જોઇ હોય કદાચ પપ્પાને કે ફોઇને એવું કરતાં જોયાં હોય, કદાચ બીજા કોઇ બાળક પાસેથી આ બાળક એવું વર્તન શીખ્યું હોય, પરંતુ વધુ મહત્વનું એ નથી કે બાળક આવું વર્તન કે અભિવ્યક્તિ ક્યાંથી શીખ્યું? અગત્યનું તો એ છે કે આવું વર્તન કરવા પાછળનું પ્રેરકબળ કયું છે? અગિયાર મહિનાના બાળકમાં આટલો ગુસ્સો ક્યાંથી આવ્યો? એની નાનકડી જીંદગીમાં સૌએ એની સાથે પ્રેમભર્યો જ વ્યવહાર કર્યો હોય સૌએ એને લાડપ્યારથી રાખ્યું હોય તે બાળકના મનમાં આટલો ગુસ્સો કેવી રીતે એકઠો થાય, જે એને ભીંત સાથે માથું અથડાવી પ્રગટ કરવો પડે?

બાળરોગ નિષ્ણાંત તરીકે મને ઘણી વાર માતાની આ ફરિયાદ અંગે કાળજીપૂર્વક નિરીક્ષણ અને તપાસ કરવાની તક મળી છે. આવા લગભગ દરેક કિસ્સામાં તપાસ કરતાં માલૂમ પડ્યું કે આવું દરેક બાળક એક ચોક્કસ પ્રકારની બળજબરીનો ભોગ બનેલું હોય છે. આવા દરેક કિસ્સામાં માતાના મગજમાં એવી ગ્રંથિ હોય છે, કે બાળક પોતાની મરજીથી થોડું જમે? એ તો આપણે જ બળજબરીથી ખવડાવવું પડે એટલે ચાર મહિનાનું બાળક થાય ત્યારથી જ એને દુવડાવી એનું માથું પગ વચ્ચે દબાવી, જરૂર પડે તો સહાયકની મદદ લઇ એના હાથ પકડી બળજબરીથી એનું મોં ખોલી એમાં દૂધ બિસ્કિટ કે અન્ય ખોરાક ઠોંસવામાં આવે છે. બાળક ગમે એટલા ધમપછાડા કરે, પરંતુ ઉત્સાહી માતા પોતાના ધારેલા સમયે પોતે ધારેલી માત્રામાં બાળકને પુરેપુરું ખવડાવીને જ જંપે છે.આ દૃશ્ય ખૂબ વ્યાપક છે. તમે પણ જોયું હશે.

બાળકો પર એવી બળજબરી શા માટે? દરેક બાળક પોતે ભૂખની અનુભૂતિ કરી જ શકે છે. એને પોતાને ઇચ્છા થાય તે સમયે પોતાની રુચિ મુજબનો ખોરાક ખાય છે. પરંતુ ઉત્સાહી યુવાન માતાને આ હકીકત પર વિશ્વાસ હોતો નથી. પોતાના બાળકને તંદુરસ્ત બનાવવાની ઘેલછા અને લ્હાયમાં એ બાળક પર બળજબરી કરે છે. બાળક ગુસ્સે થાય છે બાળક જિદ્દી બની જાય છે જો તમે જમવાની બાબતમાં મનમાની કરશો તો હું પણ બીજી બાબતમાં મનમાની કરીશ એવું વલણ ધારણ કરે છે બાળક અને માતાના સંબંધો વણસે છે. ભવિષ્યમાં અન્ય બાબતમાં પણ હુંસાતુંસી, રડારડ,સી બળપ્રયોગ અનાદર રકઝક થવાની શક્યતા વધે છે. માતા અને બાળક બંનેનાં સમય અને શક્તિ વેડફાય છે. ઘણી વાર એવું બને છે કે બાળકને હંમેશને માટે ખોરાક ઉપર નફરત થઇ જાય છે.

બાળક સાથે સંબંધોની કક્ષા કેવી રાખવી એ સંપૂર્ણપણે માતાના હાથમાં હોય છે. જો નાનપણથી જ બાળક સાથે પ્રેમ આદર શિસ્ત સમજાવટ અને મક્કમતાથી કામ લેવામાં આવે તો કદી ગુસ્સો, બળપ્રયોગ કે દલીલબાજી કરવાની જરૂર પડતી નથી. જો બાળક સાથેના વર્તનમાં માતા બાલિશતા કે નાદાની દાખવીને ગુસ્સો બળજબરી કે જીદ કરવા જાય તો એ માતા અને બાળકના સંબંધો સદાય તંગ અને તણાવભર્યા રહે છે.{jcomments on}